અપીલ અરજી નં. ૫૨૫ તા.૨૯–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અલાઉદ્દીન જી.શેખ
સામાવાળ :– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અલાઉદ્દીન જી.શેખની તા. ૧૪–૦૯–૧૧ની અરજીથી ઓકસફોર્ડ ઈગ્લીશ મિડિયમ સ્કુલ,૧૧/૧૨ ઓમ સાંઈનગર કો.ઓ.હા.સો. હરિનગર –૨, ઉધના,સુરતની બાંધકામની રજાચિઠ્ઠીની પ્રમાણિત નકલ આપશો,પ્લાન પાસની પ્રમાણિત નકલ આપશો,કોર્પોરેશનના કયા કયા વિભાગની મંજુરી મેળવેલ છે તેની પ્રમાણિત નકલ આપશો,કેટલા માળનું બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે તેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપશો,પરવાનગી આપનાર અધિકારીનું નામ અને સંપર્ક નંબરની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૨૫/૨૦૧૧–૧૨

શ્રી અલાઉદ્દીન જી.શેખની તા. ૧૪–૦૯–૧૧ની અરજીથી ઓકસફોર્ડ ઈગ્લીશ મિડિયમ સ્કુલ,૧૧/૧૨ ઓમ સાંઈનગર કો.ઓ.હા.સો. હરિનગર–૨,ઉધના,સુરતની બાંધકામની રજાચિઠ્ઠીની પ્રમાણિત નકલ આપશો,પ્લાન પાસની પ્રમાણિત નકલ આપશો,કોર્પોરેશનના કયા કયા વિભાગની મંજુરી મેળવેલ છે તેની પ્રમાણિત નકલ આપશો,કેટલા માળનું બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે તેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપશો,પરવાનગી આપનાર અધિકારીનું નામ અને સંપર્ક નંબરની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૩૮ તા.૧૦–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) તથા અરજદારને લગભગ દોઢ માસની વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/ અકણ/(આરટીઆઈ)/૧૨૩૭ તા.૩૦–૧૨–૧૧ થી અરજદારની મુળ અરજી નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩૦–૧–૧૨ થી પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૪–૯–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધના ઝોન ખાતે કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં ઓકસફોર્ડ ઈગ્લીશ મિડિયમ સ્કુલ,૧૧/૧૨ ઓમ સાંઈનગર કો.ઓ.હા.સો. હરિનગર–૨,ઉધના,સુરતની બાંધકામની રજાચિઠ્ઠીની પ્રમાણિત નકલ આપશો,પ્લાન પાસની પ્રમાણિત નકલ આપશો, કોર્પોરેશનના કયા કયા વિભાગની મંજુરી મેળવેલ છે તેની પ્રમાણિત નકલ આપશો,કેટલા માળનું બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે તેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપશો,પરવાનગી આપનાર અધિકારીનું નામ અને સંપર્ક નંબરની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાયેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે અરજદારને અત્રેના પત્ર નં. .આરટીઆઈ સેલ/ ૧૪૩૮ તા.૧૦–૧–૧૨ થી લગભગ દોઢ માસની વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા જણાવવામાં આવેલ. જે અંગે તા.૩૦–૧–૧૨ ના પત્રથી પુરક માહિતીમાં માંગેલ માહિતીમાં નિયત સમય ગાળામાં માહિતી નહિ મળવાના કારણે અપીલ કરવામાં આવેલ. નિશ્ચિત સમય અને આરટીઆઈ એકટ વિષે જાણકારીના અભાવે તેમણે નિયત સમય ગાળામાં અપીલ નહીં કરી શકેલા અપીલના નિકાલ માટે જો કાયદા માં કોઈ જોગવાઈ હોય તો માર્ગદર્શન કરી માહિતી પુરી પાડશો. તેવુ જણાવેલ.

અરજદારની રજુઆત અને કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ ભાવના અને હાર્દને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૪–૯–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોઈ અરજદારની વિલંબિત અપીલને અનુલક્ષી આરટીઆઈ એકટની કલમ ૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરવાની રીતે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં દફતરી માહિતી પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન.....જાણ તથા અમલ માટે

(૨) શ્રી અલાઉદ્દીન જી.શેખ,